હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૩૧, વર્ષ : ૩૫, અંક : ૦૮
૧૬-એપ્રિલ, ૨૦૨૪

# ઉદીરણ

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

મા દુર્ગાના ૯ અવતાર તમને
૯ ગુણો, શક્તિ, ખુશી, માનવતા, શાંતિ, જ્ઞાન, ભક્તિ, નામ,
પ્રસિદ્ધિ અને સ્વાસ્થ્ય સાથે આશીર્વાદ આપે
ચૈત્ર નવરાત્રિની હાર્દિક શુભકામનાઓ...

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

तत्रैव च वधिश्यामि, दुर्गमाख्य महासुरम ।
दुर्गा देवीती विख्यातं, तन्मेनाम भविष्यति ॥

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારો મેળાઓનું અનેરૂ અને આગવું મહત્વ છે. દરેક તહેવારો ઉત્સવો પાછળ વૈજ્ઞાનિક અભિગમ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ વેદો અને ઉપનિષદો તથા અન્ય ધાર્મિક ગ્રંથોમાં ખૂબ જ સરસ રીતે વર્ણવવામાં આવેલ છે. વર્ષમાં અષાઢ–આસો–માઘ–ચૈત્ર એમ ચાર નવરાત્રિ આવે છે. જેમાં શક્તિની ઉપાસના–આરાધના અલગ–અલગ રીતે કરવામાં આવે છે. ચૈત્ર નવરાત્રિમાં મા દુર્ગાની ઉપાસનાનું વિશેષ મહત્ત્વ રહેલું છે. ભારતીય જયોતિષ તથા ખગોળ ગણિતના ગ્રંથોમાં શાલિવાહન શક (ચૈત્રી સંવત્સર) મુજબ ગણતરી થાય છે તથા તેનું વિશેષ મહત્વ છે. ખેડૂત ભાઈઓમાં કહેવત છે કે ‘મહા મેલો અને ચૈત્ર ચોખ્ખો’ હોય તે સારી બાબત ગણાય. ચૈત્ર માસનું રખેવાળ નક્ષત્ર ચિત્રા છે. ખગોળની દષ્ટિએ ચિત્રા તારો તેજસ્વી તારાઓમાં સોળમા નંબરે આવે છે. ચિત્રા નક્ષત્રની શરૂઆત પંચાગ પદ્ધતિ પ્રમાણે ૧૮૦ અંશ આકાશી રેખાંશના સ્થાને હોવાથી અગત્યનું સ્થાન ધરાવે છે. આ ઐતિહાસિક કારણે જ આપણા દેશમાં મોટાભાગના રાજયોમાં નવા વર્ષની શરૂઆત ચૈત્ર માસની એકમથી શરૂ થાય છે. મહારાષ્ટ્રમાં ચૈત્ર સુદ એકમ એટલે ગુડી પડવો પ્રાચીન હવામાન શાસ્ત્રમાં ચૈત્ર સુદ એકમના દિવસે જે વાર હોય તેને ચૈત્રી વર્ષનો રાજા ગણીને હવામાન, વરસાદ વગેરેનું ફળકથન થાય છે. ચૈત્ર સુદમાં પ્રથમ ચંદ્ર દર્શન થાય તે ઘટનાને સિંધી સંસ્કૃતિમાં ‘ચેટીચાંદ’ કહે છે. આ વર્ષે ચૈત્રી સંવત્સરનો રાજા મંગળ ગણાય.

વર્ષ દરમ્યાન શક્તિ ઉપાસનાનાં બે મહાપર્વ ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અને આસો માસની પ્રતિપદાથી નોમ સુધી નવ દિવસના ખાસ કરીને રાત્રિના હોવાથી નવરાત્રિ તરીકે ઓળખાય છે. ગુડી પડવો અને ચૈત્રી નવરાત્રિ સાથે અનેક તહેવારો જોડાયેલ છે. ‘માકણ્ડેય પુરાણ’ ની ‘દુર્ગાસપ્તશતીની’ કથા પ્રમાણે બધા દેવોના તેજ પૂંજમાંથી પ્રગટેલા મહાદેવીએ મધુ–કૈટભ, મહિષાસુર ઈત્યિાદી આસુરી શક્તિઓનો વિનાશ કર્યો હતો. ‘દુર્ગમ’ નામના રાક્ષસનો સંહાર કરવાથી દેવી ‘દુર્ગા’ ના નામે ઓળખાયા અને તેઓના નવ સ્વરૂપોની પૂજા–અર્ચના–ઉપાસના માટે નવરાત્રિ ઉત્સવ ઉજવવાનું શરૂ થયું. આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમની શરૂઆત થાય છે. પ્રકૃતિની દ્રષ્ટિએ સૂર્યનો પ્રભાવ પણ જોવાતો હોય એટલે કે ગરમીના પ્રમાણમાં વધારો જોવા મળે છે. પૂર્વ ભારતમાં શારદીય નવરાત્રિના છેલ્રા ચાર દિવસને ‘દુર્ગા પૂજા’ના સૌથી મોટા ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દુર્ગા દેવીની સુંદર કોતરણી વાળી અને સજાવેલી મૂર્તિઓમાં મહિષાસૂર રાક્ષસનો વધ કરતી દર્શાવેલ હોય છે જેની પૂજા પાંચ દિવસ કરવામાં આવે છે. ત્યારબાદ પાણીમાં પધરાવવામાં આવે છે. ગુજરાતમાં નવરાત્રિની ઉજવણી ગરબા અને દાંડિયા રાસ લોકનુત્યથી થાય છે. જેમાં ભાગ લેવા દુનિયાભરના દેશો જોડાય છે. ગોવામાં નવરાત્રિ દરમ્યાન જાત્રાની શરૂઆત થાય છે. દક્ષિણ ભારતમાં લોકો પગથિયા ગોઠવે છે અને તેના ઉપર દેવીની મૂર્તિઓ મૂકે છે તેને ‘ગોલુ’ તરીકે ઓળખવામાં આવે છે. કેરળમાં શરદ નવરાત્રિના છેલ્લા ત્રણ દિવસો અષ્ટમી, નવમી અને વિજયા દશમીની ઉજવણી સરસ્વતી પૂજા તરીકે કરવામાં આવે છે. તેલંગણા રાજયમાં નવ દિવસોના સમયમાં બથુકામ્મા નામનો ઉત્સવ ઉજવાય છે. ઉત્તર ભારતમાં વિજયા દશમીના દિવસે પાપ પર ભલાઈની જીતની ઉજવણી કરવામાં આવે છે અને તે દિવસે રામલીલા પણ ઉજવાય છે. આમ દરેક રાજયોમાં અલગ–અલગ રીતે મા ભગવતીની ઉપાસના નવરાત્રિ દરમ્યાન થતી જોવા મળે છે. ખગોળીય રીતે સંપાત દિનના સમયગાળામાં કર્કવૃત્ત આસ–પાસના પ્રદેશમાં લોહી વિકાર તથા ચામડીના રોગો થવાની સંભાવના વધુ રહે છે. તેના નિવારણ અર્થે ચૈત્ર માસમાં કડવા લીમડાના ફૂલનું (લીમડાનો મોર) વિવિધ પ્રકારે સેવન થાય છે. ઉપરાંત મીઠાનો ઉપયોગ ઘટાડવા માટે ‘અલૂણું વ્રત’ કરવામાં આવે છે.

જીવનની કરૂણા દ્વારા સમાજને દઝાડતી લોભ, ક્રોધ અને ગ્લાનિની લાગણી ઉપર કાબૂ મેળવી શકાય એનો પણ આ પર્વમાં એકનાદ સંભળાય છે. આપણું આ લોક શિક્ષણ અને એની પરંપરાનો લાભ આપણા ઉચ્ચ શિક્ષણના ધ્યેયો સાથે મૂર્તિમંત

થાયતો ભારતના આ મહાન સાંસ્કૃતિક વારસા દ્વારા સમગ્ર માનવજાતને સદ્‌ભાવ, સમરસતા અને જીવનના ઉલ્લાસનો સંદેશ સાર્વત્રિક બનાવી શકાય. આપણું આ પર્વ આધ્યાત્મિક શકિતનો ઉર્દ્વલોક તો છે જ સાથે-સાથે સમાજનો આનંદ લોક અને તેના દ્વારા લોકકલાઓને વાચા આપવાની લોક સંસ્કૃતિને ઉજાગર કરવાની તેને વિશ્વ સમક્ષ પ્રતીત કરવાની છે. આપણી આ મહાન જ્ઞાનાશ્રિત પરંપરાને આજની ભૌતિકતાથી મુકત રાખી સાંસ્કૃતિક ભારતના નિર્માણમાં આપણે બધા સહભાગી થઈએ એવી આજના પર્વે મા ભગવતીને પ્રાર્થના કરું છું.

તા. ૧૬-૦૪-૨૦૨૪
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# યુનિવર્સિટી ન્યુઝ

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦



❊ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં Education વિષયની એક સભા તા. ૧૫-૧૨-૨૦૨૩ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, પાટણ ખાતે મળી હતી.



❊ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં વિનયન વિદ્યાશાખામાં અંગ્રેજી વિષયની એક સભા તા. ૩૦-૦૧-૨૦૨૪ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના અંગ્રેજી ડીપાર્ટમેન્ટ ખાતે મળી હતી.



❊ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં વિનયન વિદ્યાશાખામાં સંસ્કૃત વિષયની એક સભા તા. ૨૯-૦૧-૨૦૨૪ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, પાટણ ખાતે મળી હતી.



❊ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં વિનયન વિદ્યાશાખામાં ભૂગોળ વિષયની એક સભા તા. ૩૧-૦૧-૨૦૨૪ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, પાટણ ખાતે મળી હતી.



❊ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં વિનયન વિદ્યાશાખામાં હિન્દી વિષયની એક સભા તા. ૩૦-૦૧-૨૦૨૪ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, પાટણ ખાતે મળી હતી.



❊ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત 04 Year U.G. Pragramme માં વિનયન વિદ્યાશાખામાં પ્રાકૃત અને જૈનોલોજી વિષયની એક સભા તા. ૩૧-૦૧-૨૦૨૪ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, પાટણ ખાતે મળી હતી.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં તા.૨૨/૧/૨૦૨૪ના રોજ શ્રી રામ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થિની બહેનોએ કૉલેજના પટાંગણમાં ભગવાન રામની સુંદર રંગોળી બનાવી હતી. આશરે ૫૦૦ દિવડાઓ પ્રગટાવી આરતી કરી હતી તેમજ આતશબાજી કરી હતી. કૉલેજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. જૈમિનીબેન સી. સોલંકી દ્વારા કૉલેજના પ્રિ.ડૉ. હિનાબેન એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



✻ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી અને મામલતદાર કચેરી, ભિલોડાના સંયુક્ત ઉપક્રમે તા ૨૫–૧–૨૦૨૪ના રોજ ૧૪મા રાષ્ટ્રિય મતદાતા દિવસની ઊજવણી કરવામાં આવી. જેમાં મોડાસાના મદદનીશ કલેકટર શ્રી દેવેન્દ્ર પ્રકાશ મીના (IAS), ભિલોડા મામલતદાર કચેરીમાંથી નાયબ મામલતદાર મયૂર પટેલ, નૈઋત્ય પટેલ અને ટીમ હાજર રહી હતી. કૉલેજના પ્રિ. ડૉ. અજય કે. પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ વરિષ્ઠ મતદારોનું, દિવ્યાંગ મતદારોનું, સેવા મતદારોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું જ્યારે યુવા મતદાર યુવક યુવતીઓનું પુષ્પ ગુચ્છ અર્પણ કરી સન્માન કરાયું હતું. આ ઉપરાંત ભારતીય લોકતંત્ર અને યુવા મતદાર વિષય પર યોજેલ નિબંધ સ્પર્ધામાં અને રંગોળી સ્પર્ધામાં વિજેતા જાહેર કરાયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.સાથે સાથે શ્રેષ્ઠ બી.એલ.ઓ. ખરાડી મુકેશભાઈ અને શ્રેષ્ઠ સેકટર ઑફિસર રાવલ ધવલનું નામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. ચૂંટણીને લગતા જરૂરી વીડિયો પણ સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યા હતા. દેવેન્દ્ર પ્રકાશ મીનાએ પ્રસંગોચિત ઉદ્બોધન કરી યુવકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા.

✻ ગુજરાત રાજ્ય મહાવિદ્યાલય સંઘ, પાટણ અને શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના સંયુક્ત ઉપક્રમે નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૨૦–૧–૨૦૨૪ના રોજ બાઈસેગ હોલમાં વ્યાખ્યાનનું આયોજન રાખવામાં આવ્યુ. એમ.એન. સાયન્સ કૉલેજના રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. એલ. એસ. ભુતડિયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે દેશના વિકાસમાં ફાળો આપવો તે યુવાનોનું કર્તવ્ય છે. ભગવાન રામના જીવનની ઘટનાઓના વર્ણનપૂર્વક સમરસતા, કુટુમ્બ પ્રબન્ધન, પર્યાવરણ, નાગરિકધર્મ વગેરે વિષયો પર પોતાના વિચારો રજૂ કરીને વક્તાશ્રીએ વ્યાખ્યાનને જ્ઞાન સાથે મૂલ્યનિષ્ઠ જીવન જીવવાની પ્રેરણા કરી હતી. ૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ અને ૨૩ જાન્યુઆરીએ શૂરવીર સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિને ધ્યાનમાં રાખીને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સમગ્ર ભારતમાં કર્તવ્ય બોધ પખવાડિયાની ઉજવણી કરે છે. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓએ કર્યું હતું.



✻ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણામાં સાંસ્કૃતિક વિભાગ 'ઉડાન' અને વિકસિત ભારત @2047 અંતર્ગત સાડી ડેની ઉજવણી તા. ૨૦–૦૧–૨૦૨૪ ના રોજ કરવામાં આવી હતી. જેમાં કૉલેજની ૨૬૭ વિદ્યાર્થીનીઓએ સાડી પહેરી શૈક્ષણિક કાર્ય કર્યું હતું. પ્રિ.ડૉ.સુનિતાબેન સુપહિયાએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક વિભાગના કન્વીનર ડૉ. અંજુબેન સુરાના એ કર્યું હતું.



✻ પૂરા ભારતદેશમાં 'અયોધ્યા રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી અને પૂરું વિશ્વ એની તરફ મીટ માંડી રહ્યું ત્યારે અરવલ્લી જિલ્લાના વિશ્વ વિખ્યાત ભગવાન શામળિયાના ધામમાં 'મન કી અયોધ્યા' કાર્યક્રમની ૨૨મી

જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાઈ ગયાં. સપ્તધારાની નાટ્યધરા અંતર્ગત શામળાજી કેળવણી મંડળની વિવિધ કૉલેજો તરફથી આદિવાસી નૃત્ય, ભગવાન શ્રી રામચંદ્રજી, સીતા માતા, ભરત, કૈકેયી, જમ્બુવંત, હનુમાન વગેરે પાત્રોની રમઝટ ઢોલ–નગારાં, કુંડી, લેજીમ સાથે જમાવટ થઈ હતી. આતશબાજી ઉપરાંત વિવિધ ભજન મંડળીઓ ઉપસ્થિતિ રહી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમગ્ર આયોજન માટે આર્ટ્સ કૉલેજના પ્રિ.ડૉ. અજય પટેલ, ટ્રસ્ટી દિલીપભાઇ કટારા, મંદિરના ચેરમેન દિલીપભાઇ ગાંધી, મંદિરના ટ્રસ્ટી વિપુલભાઈ રાણા, મેનેજર શૈલેષભાઈ શુક્લ, આસી. મેનેજર પ્રદીપભાઈ ભાટિયા, સપ્તધારા ઇન્ચાર્જ ડૉ. સમીર પટેલ, સાંસ્કૃતિક કમિટીના ડૉ. નીતિન રૈંટિયા, ડૉ. ઉર્વશી પટેલ, ડૉ. સંજય પંડ્યા, ઉપરાંત કૉલેજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૨ જાન્યુ.ના રોજ કૉલેજો દ્વારા રંગોળી, વેશભૂષા, આદિવાસી નૃત્ય જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.



✲ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણાના સાંસ્કૃતિક વિભાગ 'ઉડાન' દ્વારા તા.૨૦–૧–૨૦૨૪ના રોજ શ્રીરામ મંદિર અયોધ્યા 'પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' અંતર્ગત કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા રામાયણના બધા જ પાત્રોનો રંગમંચીય જીવંત સંવાદો દ્વારા રામકથાનો રસાસ્વાદ કરાવ્યો. જેમાં વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક રામાયણના પાત્રો ભજવી રામકથાનો સંદેશ અને ભારતીય પ્રાચીન સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું. કૉલેજની ૩૬ વિદ્યાર્થિનીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને ૨૬૭ વિદ્યાર્થિનીઓ તથા ૧૯ સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. નરેન્દ્રભાઈ કે. પટેલે કર્યું હતું.



✲ શ્રી કલજીભાઈ આર કટારા આર્ટ્સ કૉલેજ, બી. એડ્. કૉલેજ, એસ.આઈ., એમ.એસ.ડબલ્યુ., નર્સિંગ કૉલેજોએ ભેગા મળીને ૨૬મી જાન્યુઆરીનો પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો હતો. મંડળના ટ્રસ્ટી દિલીપભાઈ કટારાના વરદ હસ્તે ધ્વજવંદન કરાયા બાદ વ્હીલ ગ્લોબલ ફાઉન્ડેશન અને આઈ.ઈ.ઈ.ઈ. દ્વારા કમ્પ્યૂટર ડિજિટલ લેબનું અરુણ ભાટિયા અને રાકેશ પટેલના હાથે ઉદ્‌ઘાટન કરાયું હતું. પ્રિ.ડૉ. અજય પટેલના માર્ગદર્શન હેઠળ તમામ કૉલેજોએ દેશ ભક્તિને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમો હાથ ધર્યા હતા. ડૉ. નીતિન રૈંટિયા અને ડૉ. ઉર્વશી પટેલ, ડોશરવાણી પટેલ, ડૉ. હેમંત પટેલ, ડૉ. ભરત પટેલ અને તમામ કૉલેજના જે તે ઇન્ચાર્જ મિત્રોએ સદર કાર્યક્રમો માટે જોરશોરથી તૈયારીઓ કરાવી હતી. જેમાં દેશભક્તિને લગતા ડાન્સ અને દેશભક્તિ ગીતસ્પર્ધા વગેરે જેવા કાર્યક્રમોમાં તમામ કૉલેજના વિદ્યાર્થીઓએ ઉમંગભેર ભાગ લઈ સમગ્ર માહોલ દેશભક્તિ સભર કરી દીધો હતો. આ પર્વની ઉજવણીમાં એન.સી.સી. કેડેટ્સ તેમજ એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને તમામ કૉલેજોના વિદ્યાર્થીઓ, ભગીની સંસ્થાઓના પ્રિન્સીપાલ અને તમામ કૉલેજોના શૈક્ષણિક– બિન શૈક્ષણિક સ્ટાફ મોટી સંખ્યામાં જોડાયા હતા. વધુમાં સ્પોર્ટ્સ વિકનું ઓપનિંગ પણ કરવામાં આવ્યું હતું

✲ તા. ૨૬–૧–૨૦૨૪ ના રોજ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુર તથા ટ્રસ્ટ સંચાલિત ભગિની સંસ્થાઓમાં ૭૫મા પ્રજાસતાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આશ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી રાજુભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જે.પી. પટેલ અને અશોકભાઈ પટેલ, ભગિની સંસ્થાઓના પ્રિન્સીપાલશ્રીઓ તથા ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ધ્વજવંદન બાદ ભગિની સંસ્થાઓના વિદ્યાર્થીઓએ દેશદાઝને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી સમગ્ર વાતાવરણને દેશભક્તિમય બનાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રિ.ડૉ.સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.મહેશભાઈ કટારીયા તથા એન.એસ.એસ. પ્રો.ઓફિસર શ્રી મનીષભાઈ ગામીતે કર્યું હતું.



✲ મર્યાદા પુરુષોત્તમ રામ અબાલવૃદ્ધ દરેકમાં લોકપ્રિય રહ્યા છે. તેમના જીવનના પ્રસંગો દરેક માનવી માટે પ્રેરણાદાયક છે. ભારતીય સંસ્કૃતિમાં રામાયણના પાત્રો જીવંત છે. રઘુવંશની પરંપરાને રામે ઉજ્જવળ બનાવી તેમ વિદ્યાર્થીઓ પણ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું જતન કરે તે હેતુથી શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલજ, પાટણના એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓએ તા.૧૮ના રોજ કૉલેજ કેમ્પસમાં રામ આરતીનું આયોજન કર્યું હતું. સ્વયંસેવક ધવલ સાધુ અને તેમની ટીમે આ કાર્યક્રમનું સમગ્ર આયોજન કરેલ હતું. કૉલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવક

મહેન્દ્ર ગોસ્વામીએ થર્મોકોલની સીટમાંથી બનાવેલ રામમંદિરની આબેહુબ પ્રતિકૃતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી. એન.જી.ઇ.એસ.ના ડાઇરેક્ટર ડૉ. જે.એચ. પંચોલી અને કેમ્પસના વિકાસ અધિકારી જયભાઈ ધ્રુવે આ આરતીમાં હાજરી આપી અને વિદ્યાર્થીઓને પ્રેરક પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



* સમગ્ર ભારતવર્ષમાં ‘અયોધ્યા રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ’ નિમિત્તે શાનદાર તૈયારીઓ ઉપર પૂરું વિશ્વ મીટ માંડી રહ્યું છે ત્યારે અરવલ્લી ગિરિમાળાઓ વચ્ચે આવેલ વિશ્વ વિખ્યાત ભગવાન શામળિયાના ધામમાં આગામી ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ યોજાનાર વિવિધ પ્રકારના કાર્યક્રમોના પૂર્વ આયોજન માટે શામળાજી કેળવણી મંડળની વિવિધ કૉલેજો તરફથી રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમો અને સમગ્ર આયોજન માટે આર્ટ્સ કોલેજ, શામળાજીના પ્રિ. ડૉ. અજય પટેલ, મંદિરના ટ્રસ્ટી વિપુલભાઈ રાણા, મેનેજર શૈલેષભાઇ શુક્લ, આસી. મેનેજર પ્રદીણભાઇ ભાટિયા, સપ્તાધારા ઇન્ચાર્જ, સાંસ્કૃતિક કમિટીના ઇન્ચાર્જ ઉપરાંત તમામ કૉલેજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૨ જાન્યુ. ના રોજ કૉલેજો દ્વારા રંગોળી, વેશભૂષા, આદિવાસી નૃત્ય જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મંદિર દ્વારા ૧૨.૩૯ કલાકના શુભ મુહૂર્તથી આતશબાજી, એલ.ઇ.ડી. સુશોભન, મેડિકલ કેમ્પ, વિવિધ ભજન મંડળીઓનું સંમેલન, શરણાઈ – ઢોલ નાદ, દિવા પ્રગટાવવા વગેરે જેવા કાર્યક્રમોથી સમગ્ર દિવસ ગુંજી ઉઠ્યો હતો.

## એન.એસ.એસ.



* મણિભાઈ એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા દત્તક ગામ વિસલપુરમાં રહેતા ગરીબ વૃદ્ધ વૃદ્ધાઓને ગરમ ધાબળા અને તલનું કચરિયું આપવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય પ્રિ. ડૉ. હીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા. હરસુખભાઇ પરમાર અને પ્રા. ધર્મેન્દ્રભાઇ ચૌધરી તેમજ વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના નિવૃત્ત પ્રોફેસર દ્વારા સેવાયજ્ઞનનું દાન પ્રાપ્ત થયું હતું.



* શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ.યુનિટ દ્વારા શિબિર રામપુરા ખાતે તા.૧૬ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાઇ હતી. જેના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી સાર્વજનિક કેળવણી મંડળના સહમંત્રી મિલનભાઈ ચૌધરી, સંત સેવા ગૌશાળા બલોલના મહંત ૧૦૮ ગોપાલદાસ બાપુ, જિલ્લા સદસ્ય રેખાબેન ચૌધરી, રાજેશભાઈ ચૌધરી, સરપંચ વિકાસભાઈ ચૌધરી અને ગ્રામજનો હાજર રહ્યા હતા. શિબિર દરમિયાન ગામ સફાઈ, યોગ પ્રાણાયામ, સમૂહ પ્રાર્થના, વ્યક્તિત્વ વિકાસ, કિડની અવરનેસ ડાયાબિટીસ ચેકઅપ, બી.પી. ચેકઅપ, અંધશ્રધ્ધા નિવારણ, વ્યસન મુક્તિ, મહિલા જાગૃતિ, પ્રાકૃતિક ખેતી વિશે વ્યાખ્યાન, ધાર્મિક પરંપરાઓ, ધાર્મિક સ્થળોની સફાઈ, સાંસ્કૃતિક રસમો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. શિબિર દરમિયાન મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને તા.પં. પ્રમુખ કલ્પનાબેન પટેલે શિબિરની મુલાકાત લઇ શુભેચ્છાઓ પાઠવી હતી. શિબિરના સમાપન પ્રસંગે પૂર્વ નાયબ શિક્ષણ નિયામક, મહેસાણા તાલુકા સદસ્ય, સરપંચ અને ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સફળ બનાવી હતી.



* મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા મજૂરી કામ કરતા ગરીબ પરિવારોને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું. આ સેવાકાર્ય પ્રિ. ડૉ. હીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા. હરસુખ પરમાર, પ્રા.ધર્મેન્દ્ર ચૌધરી અને પ્રા. માનસી પટેલ તેમજ વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના નિવૃત્ત પ્રોફેસર દ્વારા આ સેવાયજ્ઞનું દાન પ્રાપ્ત થયું હતું.

## કાર્યક્રમ

* અખિલ ભારતીય મહાવિદ્યાલય શૈક્ષિક મહાસંઘ (ગુજરાત) તથા શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯-૧-૨૦૨૪ના રોજ

'કર્તવ્ય-બોધ દિવસ-૨૦૨૪'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. હેમ.ઉ.ગુ.યુનિ.ના કા. કુલપતિશ્રી ડૉ. રોહિતભાઈ દેસાઈના દિશાસૂચન તથા જ્ઞાનવીદ્ શ્રી આશિષભાઈ ઠાકરના જ્ઞાનસભર વક્તવ્યથી કાર્યક્રમ સંપાદિત થયો હતો. મુખ્ય વક્તાશ્રીએ કાર્યક્રમના વિષયાનુસંધાને વિદ્યાર્થી, શિક્ષક તથા રાષ્ટ્રના નાગરિક તરીકેની જવાબદારીઓ તથા કર્તવ્ય ભાવના અંગે ઊંડી સમજ આપી હતી. સ્વામી વિવેકાનંદથી લઈને મહાત્મા ગાંધીજી સુધીનાં અનેક મહાન ચરિત્રોની કર્તવ્યનિષ્ઠા પર પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમમાં ઊંઝા સ્થિત અન્ય કૉલેજમાંથી અધ્યાપકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીના અધ્યાપકોમાં સંશોધન માટે રુચિ કેળવાય અને આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સના વિવિધ ટુલ્સનો ઉપયોગ કરી સંશોધનને કઈ રીતે સારું અને ઉત્તમ બનાવી શકાય તેવા ઉમદા હેતુથી "Empowering Research: Hands-On Journey through AI Tools" વિષય પર ૨૨થી ૨૮, જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન ઓનલાઈન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પૂરા ભારતવર્ષમાંથી ૨૬૦થી વધુ સંશોધકો, અધ્યાપકો અને રિસર્ચ સ્કોલર જોડાયા હતા. આ કાર્યક્રમમાં વક્તા તરીકે Mr. Punit Pathak, Assistant Professor School of Liberal Arts and Human Sciences, Auro University હાજર રહ્યા હતા. જેમણે ૧૭થી વધુ AI Toolsના ઉપયોગ વિશે ઉત્તમ સમજ આપી હતી. સદર કાર્યક્રમમાં સહભાગી સંસ્થા 'Nucleus of Learning and Development' ના મોભી પ્રધુમનરાજસિંહ દ્વારા પણ ઉત્તમ ભૂમિકા ભજવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સુચારું સંચાલન કૉલેજના 'રિસર્ચ અને ડેવલપમેન્ટ સેલ' ના કો-ઓર્ડીનેટર ડૉ. ભરત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



❊ ડી.ડી. ચોકસી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરમાં ઉચ્ચ શિક્ષણ વિભાગ કેસીજી અંતર્ગત ફિનિશિંગ સ્કૂલ પ્રોજેકટ કાર્યક્રમ ભાગ-૨ તા. ૧ થી ૧૦, જાન્યુઆરી-૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવેલ. જેમાં અભિષેક દેસાઈ દ્વારા ફિનિશિંગ સ્કૂલની તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સ્વ-વિકાસ, લાઈફ સ્કિલ સ્પોકન ઇંગ્લિશ, ઇંગ્લિશ ગ્રામર વિષેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ લાઈફ સ્કિલનો ઉપયોગ પોતાના જીવનમાં અને બીજાને શીખવવામાં કરી શકે. ફિનિશીંગ સ્કૂલની તાલીમથી મળેલા જ્ઞાનથી વિદ્યાર્થીઓ ખુશ થયા હતા.

## જન્મ જયંતિ

રેવાબા સાર્વજનિક બી.એડ/એમ.એડ. કૉલેજ, મહેસાણામાં શ્રી સુભાષચંદ્ર બોઝની ૧૨૭ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એડ્.ના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. સુભાષચંદ્ર બોઝના જીવન વિશેનો પરિચય આપ્યો હતો. શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ, તેમનો અભ્યાસ, તેમના સત્યાગ્રહો, તેમજ રાષ્ટ્રીય સેવા, વગેરે વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કૉલેજના અધ્યાપકશ્રીઓએ તેમજ કૉલેજના પ્રિ.ડૉ.શાંતાબેન પટેલે સુભાષચંદ્ર બોઝના જીવન પર વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, આપણે તેમને નેતાજીના હુલામણા નામથી પણ ઓળખીએ છીએ. તે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, અંગ્રેજોની વિરુદ્ધ લડવા માટે તેમણે જાપાનની સહાયતાથી આઝાદ હિન્દ ફોજનું નેતૃત્વ કર્યું હતું. તેમના દ્વારા આપવામાં આવેલ 'જય હિન્દ'નું સુત્ર ભારતનું રાષ્ટ્રીય સૂત્ર બની ગયું છે. 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા', 'ચલો દિલ્લી' વગેરે તેમના નારાઓ હતા.

## જાગૃતિ




શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા દ્વારા તા. ૨૬-૧-૨૦૨૪ પ્રજાસત્તાક દિને મહિલાઓના સ્વાસ્થ્ય જાગૃતિ અંગે મહિલાઓની મેરેથોન દોડ યોજાઈ હતી. જેમાં દિયા પ્રજાપતિ ૪ કી.મી.ની મેરેથોન દોડમાં દ્વિતીય નંબરે વિજેતા થઈ હતી. આ મેરેથોન દોડમાં મહેસાણાની ૨૫૦ મહિલાઓએ સાડી પહેરી ભાગ લીધો હતો. ઉત્તર ગુજરાતમાં મહિલાઓના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ માટેની આ પ્રથમ મેરેથોન દોડનું આયોજન થયું હતું. આ પ્રસંગે સંસ્થાના સહમંત્રી મિલનભાઈ ચૌધરી, કૉલેજના કાર્યકારી પ્રિ.ડૉ.સુનીતાબેન સુપહિયા તથા સાંસ્કૃતિક કમિટીના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્લેસમેન્ટ

શ્રીમતી ટી. એસ.આર. કોમર્સ કૉલેજ, પાટણમાં તા. ૨૩-૧-૨૦૨૪ના રોજ અંતિમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ કાર્યક્રમ યોજવામાં આવેલ. જે અંતર્ગત ઓટોમેટેડ મ્યુચ્યુઅલ ફંડસ પાટણમાંથી અંકિતભાઈ વ્યાસ વિદ્યાર્થીઓના પ્રાથમિક ઇન્ટરવ્યૂ માટે પધારેલ. અંકિતભાઈ વ્યાસે કમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્ક તથા ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝરની જગ્યા માટે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું પ્રાથમિક ઇન્ટરવ્યૂ બે તબક્કામાં લીધેલ. પ્લેસમેન્ટ કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્લેસમેન્ટ ઓફિસર ડૉ. વિશાલ પરમારે કરેલ હતું.

## પ્રદર્શન

તા ૨૩-૧-૨૦૨૪ના રોજ આઈ.પી.એસ. એકેડેમી ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ ઈન્દોર અને ઈન્ડીયન એસોસીયેશન ઓફ ફીજીક્સ ટીચર્સ આર.સી.-૯ (મધ્યપ્રદેશ) સંયુક્ત યજમાન પદે પ્રોફેસર બાબુલાલ શરાફ મેમોરીયલ નેશનલ IPSA સાયન્સ પ્રદર્શન યોજાયેલ હતું. વર્કીંગ વિજ્ઞાન મૉડેલ પ્રદર્શન રાષ્ટ્રીય હરીફાઈમાં સર પી.ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી પાર્થ મહેતા (M.Sc.Sem-IV) અને અક્ષેશ પ્રજાપતિ (B.Sc. Sem-IV)ની ટીમે પ્રોફેસર ગિરીશકુમાર વૈકરિયાના માર્ગદર્શન હેઠળ પ્રદર્શિત કરેલ ટેલીસ્કોપના નવતર વર્કીંગ વિજ્ઞાન મૉડેલ્સને પ્રથમ ક્રમાંકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં અને રૂ.૨૧,૦૦૦ના પુરસ્કારથી સન્માનિત કરાયેલ હતાં. આઝાદીના અમૃત કાળની ઉજવણીમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય હરીફાઈમાં ગુજરાત રાજ્ય તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને ગૌરાન્વિત કરેલ હતી.

## મતદાન જાગૃતિ



સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પોશીના ના વિદ્યાર્થીઓએ યુવા મતદાર મહોત્સવ-૨૦૨૩ મા ભાગ લીધો હતો. જેમાં મતદાન જાગૃતિ વિડિયોની સ્પર્ધામાં તાલુકા કક્ષાએ મેમણ આમેનાબાનુ પ્રથમ ક્રમાંકે અને જિલ્લા કક્ષાએ વાઘેલા તન્વીકુવર પ્રથમ ક્રમાંકે અને બુંબડીયા વનરાજ દ્વિતિય ક્રમાંકે વૉટર્સ કેટેગરીમાં ઉતિર્ણ થયા હતા. કૉલેજનું નામ રોશન કરવા બદલ વિદ્યાર્થીઓને કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મહિલા જાગૃતિ




ધી કે.એન.એસ.બી.એલ. આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખેરાલુમાં મહિલા સેલ દ્વારા મહિલા સ્વાસ્થ્ય અને જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવ્યો.જેમાં પાલનપુર પી.એચ.સી. સેન્ટરની ત્રણ બહેનો કુંજલબેન, પ્રવિણાબેન અને જાગૃતિબેન દ્વારા વિદ્યાર્થિનીઓને માસિકધર્મ અને સાવચેતીના પગલારૂપ પ્રેક્ટિકલી વાત કરી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ. શીતલ પ્રજાપતિ અને પ્રા.ડૉ.હિરલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુવક મહોત્સવ



રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ યુનિવર્સિટી,નાગપુર ખાતે તા. ૨૨ થી ૨૬ જાન્યુઆરી -૨૦૨૪ દરમિયાન યોજાયેલ ૩૭મા વેસ્ટ ઝોન યુવક મહોત્સવમાં શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણાની બે વિદ્યાર્થિનીઓ પ્રજાપતિ વિધિ અને બારોટ દિયાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રાદેશિક નૃત્યમાં ભાગ લઈ કૉલેજનું ગૌરવ વધાર્યું હતું. યુનિવર્સિટીના ટીમ મેનેજર તરીકે નિમણૂક પામેલ કૉલેજના સાંસ્કૃતિક સમિતિના ડૉ. ચેતનાબેન દેસાઈએ સફળ નેતૃત્વ કરી કૉલેજનું ગૌરવ વધાર્યું હતું.

## રમતોત્સવ



❋ મહિલા આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે તા. ૨૪-૧-૨૦૨૪ ના રોજ રમત ગમત વિભાગના ઉપક્રમે પ્રિ.ડૉ. કનૈયાલાલ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી 'રમતોત્સવ-૨૦૨૪' યોજાયો હતો. જેમાં યોગ, પ્રાણાયામ, કસરત તેમજ દોડ, ફેંક, કૂદ, હળવી રમતોમાં લીંબુ ચમચી, બેલેન્સ દોડ, સંગીત ખુરશી જેવી વિવિધ રમતો દ્વારા વિદ્યાર્થિનીઓમાં જોમ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. દરેક સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતા ખેલાડીઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રો. ડૉ. બી.એફ. દેસાઈ અને પ્રો.ડૉ. વાય. એચ. પટેલે કર્યું હતું. આ પ્રસંગે કૉલેજના સૌ અધ્યાપક મિત્રો પણ જોડાયા હતા. આવી સહ અભ્યાસિક પ્રવૃત્તિને કેળવણી મંડળના પ્રમુખ અને ટ્રસ્ટીએ આયોજકોને અભિનંદન આપી સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સ્પર્ધા



✲ પંજાબ ખાતે યોજાયેલ આર્ચરી વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશીપમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રતિનિધિત્વ સાથે બે ગોલ્ડ અને બે બ્રોન્ઝ મેડલ મેળવી ખેલાડીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા આર્ચરી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશીપ ગેમ્સ માટે ૧૯ ખેલાડીયો પસંદ થયેલ.તે ૨૮ ડિસેમ્બર ૨૦૨૩ થી પંજાબ પટિયાલા ખાતે શરૂ થયેલ ચેમ્પિયન શિપમાં રાજ્યની માત્ર એક યુનિવર્સિટી છે જેના એકસાથે ૧૯ ખેલાડીઓ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. તેમાં શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીની બે મહિલા ખેલાડીઓ ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં પસંદગી પામેલ. (૧) ભગોરા કિંજલ તથા (૨) વરસાત દિપીકા. બન્ને મહિલા ખેલાડીઓ અને શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. અજીતસિંહ ચૌહાણને તેમની મહેનત બદલ કૉલેજના પિન્સીપાલ ડૉ. એ.કે પટેલ તથા મંત્રી દિલીપભાઈ કટારાએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.



✲ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ.યુનિટ અને ગુજરાત સરકાર તથા સેવ કલ્ચર શિવ ભારત ફાઉન્ડેશન દ્વારા 'કલ્ચર પ્રિઝર્વેશન' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન તા.૧૦–૧–૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું. જેમાં એન.એસ.એસ.ની ૨૪ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. સાત વિદ્યાર્થીનીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા જેમાં પ્રથમ ક્રમે મલેક રોઝમીન દ્વિતીય ક્રમે ગોસ્વામી આસ્થા અને તૃતીય ક્રમે ભાંડવેકર યસ્વી રહ્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ.અંજુબેન સુરાણા ડૉ.આરતીબેન ખિદરી અને ડૉ.નરેન્દ્રભાઈ પટેલે સેવાઓ આપી હતી. કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.રમણભાઈ સોલંકી અને ડૉ.સવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેમિનાર



આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બામણામાં તા. ૯–૧–૨૦૨૪ના રોજ એન.એસ.એસ યુનિટ અને જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. નિવૃત્તિ આર. જોષીના માર્ગદર્શન હેઠળ વિદેશ રોજગાર માર્ગદર્શન સેમીનારનું આયોજન થયું હતું.જેમાં હિરેનભાઈ જાની (મદદનીશ જિલ્લા રોજગાર કચેરી,અમદાવાદ) હાજર રહી વિદેશ જવા માંગતા વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી સહાય અને તેના ફાયદા વિશે સમજ આપી હતી સાથે સાથે હિંમતનગર રોજગાર કચેરીનો સ્ટાફ તેમજ મંડળના મંત્રી મનોજભાઈ ઉપાધ્યાય હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા.અક્ષયભાઇ પ્રજાપતિ એ કર્યું હતું અને આભારવિધિ પ્રા.બ્રીજેશભાઈ પંચાલે કરી હતી.

## સબરસ

પુત્ર : પપ્પા તમે મમ્મીમાં એવું તો શું જોયું કે તેમની સાથે લગ્ન કરી લીધા?

પિતા : તારી મમ્મીના ગાલ પરનો તલ.

પુત્ર : કમાલ છે પપ્પા, આટલી નાની વસ્તુ માટે તમે આટલી મોટી આફત વહોરી લીધી.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

Published by : **Registrar**, Hemchandracharya North Gujarat University, Patan.

Printed by : **Vinod Printery**, Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–  કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–